# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯ તા.૨૯-૯-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ' **AMC –MSMS teacher** ' સોફ્ટવેરમાં મ્યુનિસિપલ શાળામાં કાર્યરત તમામ કર્મચારીઓની રજાઓના બેલેન્સની એન્ટ્રી બાબત.

આથી તમામ મ્યુનિસિપલ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વહીવટી અને શૈક્ષણિક કામગીરી ઓનલાઇન કરવામાં આવી રહી છે. 'માર્કટેક સ્માર્ટ સ્કૂલ સોફ્ટવેરમાં' સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થી અને શિક્ષકોની હાજરી, યુનિટ ટેસ્ટના ગુણની એન્ટ્રી **(SCE)** તથા સત્રાંત પરીક્ષાના પરિણામની એન્ટ્રી કરવામાં આવે છે. આ સોફ્ટવેરમાં હવે લીવ એપ્લીકેશન પણ ઉમેરવામાં આવી છે. તા.૨૦/૦૯/૨૦૧૮ ના રોજ માન.શિક્ષણમંત્રીશ્રીના વરદ્ હસ્તે આ લીવ એપ્લીકેશન ખુલ્લી મૂકવામાં આવેલ છે. આ એપ્લીકેશનમાં દરેક મુખ્ય શિક્ષકશ્રીએ તેમની શાળામાં કાર્યરત શિક્ષકો, પાણીપાનાર તથા પગીની કેજ્યુઅલ રજા અને મરજિયાત (ઓપ્શનલ) રજાના બેલેન્સની એન્ટ્રી કરવાની છે. શિક્ષકોની વર્ષ દરમિયાન પ્રાપ્ત ૧૨ કેજ્યુઅલ રજામાંથી ૧ ઓકટોબર,૨૦૧૮ સુધીમાં ભોગવેલ કેજ્યુઅલ રજા બાદ કરીને તથા પ્રાપ્ત બે મરજિયાત (ઓપ્શનલ) રજાના બેલેન્સની એન્ટ્રી નીચે મુજબ કરવાની રહેશે. આ રજા બેલેન્સની એન્ટ્રી દરેક મુખ્ય શિક્ષકે રેકર્ડ આધારે ખાસ ચકાસણી કરીને જ અપલોડ કરવાની રહેશે.

- સૌપ્રથમ પ્લેસ્ટોરમાં જઈ '**AMC –MSMS teacher** ' અપડેટ કરવું
- હવે તેને ઓપન કરો –**leave Management – leave Balance** પર ક્લિક કરતાં શિક્ષકોની યાદી દેખાશે. જે તે નામ ની સામે **Add Balance** માં હાલની કુલ બાકી રજાની સખ્યાની એન્ટ્રી કરવી.
- તા.**01/10/2018**ના રોજ ૧૭:૦૦ કલાક સુધી તમામ કર્મચારીઓની બેલેન્સ રજાની એન્ટ્રી પૂર્ણ કરી દેવાની રહેશે.
- **3** ઓક્ટોબર, **2018** પછીની કેજ્યુઅલ લીવ માટેની અરજી હાલના કેજ્યુઅલ રજાપત્રક્ની હાર્ડકોપી સાથે સાથે મોબાઇલ એપ્લીકેશન મારફતે પણ કરવાની રહેશે.
- શિક્ષક, પાણી પાનાર અને પગીની રજાની અરજી બાબતે જે તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ નિયમિત રીતે મોબાઇલ એપ્લિકેશન મારફત રજાની ચકાસણી કરવી અને રજાની અરજી માટે મંજૂર / નામંજૂર અંગેનો નિર્ણય સમયસર લેવાની કાર્યવાહી કરવાની રહેશે.
- મુખ્ય શિક્ષકની રજાની અરજી અંગેનોન નિર્ણય જે તે સુપરવાઇઝરશ્રી કરશે.
- શાળામાં રીપોર્ટીંગ કરવાના (આવવાના) સમય પછી વધુમાં વધુ ૧૫ મિનિટ સુધીમાં ઓનલાઇન લીવ રીપોર્ટીંગ કરવાનુ રહેશે. આમ નહી કરી શક્વાના સંજોગોમાં જે તે દિવસની સી.એલ. મંજુર ગણાશે નહિ.

હાલ તા.૩-૧૦-૧૮ થી તમામ કર્મચારીશ્રીઓ માટે સી.એલ. અને મરજીયાત (ઓપ્શનલ) રજાની ઓનલાઈન લીવ એપ્લીકેશન શરૂ કરવામાં આવેલ છે. બાકીની રજાઓ માટે ઓનલાઇન લીવ એપ્લીકેશન હવે પછી શરૂ કર્યેથી તમામને જણાવવામાં આવશે.

તા. ૨૯-૦૯-૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી